Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૫ (ચાલુ) વીર સં. ૨૪૯૮
વિ સં. ૨૦૨૮ માર્ગશિર્ષ

જીવન અથવા મરણ વિષેનું તેમજ શાંતિ અને સુખ વિષેનું કોઈ સ્થિર સમાધાન વિજ્ઞાનની વાનરવેડા જેવી સિદ્ધિઓથી આપણને નથી મળ્યું. મુખ્ય પ્રશ્ન માનવની શાંતિનો છે. તેમાં મન અને પ્રાણનો સંયમ જરૂરી છે. કયા ઉપાયથી પ્રાણનો પ્રવાહ વધારે સ્વસ્થ અને વેગવાન બનાવી શકાય છે. કયા ઉપાયથી રાત્રિ-દિવસ-માસ-સંવત્સરી રૂપી કાળચક્રનો સ્વામી મનુષ્ય બની શકે છે? આ પ્રશ્નોનું સમાધાન જે વિજ્ઞાનથી થાય છે, તેની ભાષા તો ખુલ્લા આકાશ નીચેનાં ગામો, નદીઓ, પર્વતો, અરણ્યોમાં સર્વત્ર ભરેલી છે. તેની સાથે આપણો સંપર્ક સદા બન્યો રહે એમાં જ કલ્યાણ છે.

– શ્રી વાસુદેવશરણ અગ્રવાલ

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

પુસ્તક : ૬૯ ] ડીસેમ્બર : ૧૯૭૧ [ અંક : ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧ | ધર્મનો માપ દંડ | .... | કેદારનાથજી | ૨૧ |
| ૨ | મહાસતી ચંદનબાળા | .... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૨૩ |
| ૩ | આત્મધ્યાન | .... | અમરચંદ માવજી શાહ | ૨૭ |
| ૪ | એકાદશ અધ્યાત્મ ગુણશ્રેણિ | ... | જીવરાજભાઇ એ. ધવજીદોશી | ૩૦ |
| ૫ | હિંસાનું મૂળ 'હું અને મારૂ" | .... | સાહિત્યચંદ્ર સ્વ. બાલચંદ હીરાચંદ | ૩૩ |
| ૬ | જૈન સમાચાર | ... | | ૩૫ |


## આ સભાના નવા માનવંતા પેટ્રન

(૧) શ્રી ફુલચંદ લીલાધર વોરા-મુંબઇ

(૨) શ્રી જીવરાજભાઇ નરભેરામ મહેતા-મુંબઇ

## આ સભાના નવા આજીવન સભ્ય

શાહ સુમનભાઇ મનસુખલાલ કામદાર-મુંબઇ

---


ન્યાયશાસ્ત્રના અભ્યાસીઓ માટે અતિ આવશ્યક અને જ્ઞાનશાળાઓ, યુનિવર્સિટીઓ, પુસ્તકાલયો, જૈન ભંડારો વગેરેએ ખાસ વસાવવા યોગ્ય

જેમને કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે अनुमल्लवादिनं तार्किका કહીને બિરદાવેલા છે તે તાર્કિકશિરોમણિ વાદિપ્રભાવક આચાર્ય પ્રવર શ્રી મલ્લવાદીપ્રણિત—

આચાર્યશ્રીસિંહસૂરી ગણિવાદી ક્ષમાશ્રમણ વિરચિત ન્યાયાગમાનુસારિણી વૃત્તિ સહિત

પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી વિજયસિદ્ધસૂરીશ્વરજીના પ્રશિષ્ય પૂજ્યપાદ મુનિ મહારાજ શ્રી ભુવનવિજયજીના અંતેવાસી, ભારતીય સમગ્ર દર્શનશાસ્ત્રોના તલસ્પર્શી જ્ઞાતા વિદ્વાન મુનિ મહારાજ શ્રી જંબૂવિજયજી સંપાદિત—

# द्वादशारं नयचक्रम्

**प्रथमो विभागः**

કિંમત રૂા. ૪૦) ચાલીશ, ટપાલ ખર્ચ અલગ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ ૬૯] વિ. સં. ૨૦૨૮ માગશર ∴ ઈ. સ. ૧૯૭૧ ડીસેમ્બર [અંક-૨

# ધર્મનો માપદંડ

દુનિયામાં દરેક વસ્તુને માપવા માટેના માપદંડ હોય છે. થર્મામીટરથી તાવને માપી શકાય છે. વસ્ત્રને ગજથી માપી શકાય છે, અનાજનું તોલ ત્રાજવાથી થાય છે, આમ દરેક વસ્તુને તેના માપદંડથી માપી શકાય છે, ત્યારે જીવનમાં ધર્મને માપવા માટેનો પણ માપદંડ હોવો જોઈએ. દુનિયામાં ધર્મ ધર્મ તો સૌ એકી અવાજે પોકારી રહ્યા છે, પણ જીવનમાં ધર્મ પરિણમ્યો છે કે નહિ તે જોવાની ખાસ જરૂર છે. મનુષ્ય પોતાના પ્રતિસ્પર્ધીનું પણ જ્યારે મનથી પણ ખરાબ ન ચિંતવે ત્યારે સમજવું કે તેના જીવનમાં ધર્મ સાચા અર્થમાં પરિણમ્યો છે અને તેજ ધર્મને માપવાનો સાચો માપદંડ છે.

જગતમાં અનંતાનંત જીવો છે તે દરેક જીવો સાથે દરેક પ્રકારના સંબંધમાં આપણે અનંતવાર આવી ચૂકયા છીએ. પૂર્વના વૈરભાવને લીધે કોઈ જીવને આપણી તરફ દ્વેષભાવ પણ ઉત્પન્ન થાય છતાં તેવા જીવ તરફ સમજણના ઘરમાં આવ્યા પછી આપણે દ્વેષભાવ ન રાખવો જોઈએ કર્મ જન્ય સંસ્કાર બધા જીવોના સરખા હોતા નથી; માટે આપણા અહિતમાં પ્રવર્તનાર તરફ હૃદયમાં મૈત્રી ભાવ ટકી રહે એજ ધર્મનો સાચો માપદંડ છે, 'શ્રીપાળ ચરિત્રમાં' ધવલશેઠનો પ્રસંગ આવે છે ધવલશેઠે શ્રીપાળને કષ્ટમાં નાખવા માટેના અનેક ઉપાયો કર્યા હતા છતાં શ્રીપાળ મહારાજાએ તેવા ધવલશેઠનું મનથી પણ ખરાબ ચિંતવ્યું નથી અને ડગલે ને પગલે ધવલશેઠના હિતની ચિંતા રાખી હતી. અપકારનો બદલો પણ ઉપકારથી વાળવાની બુદ્ધિ થાય એજ ધર્મની શ્રેષ્ઠ ભૂમિકા છે.

ધર્મ આત્માની સાક્ષીમાં છે લોક સાક્ષીમાં ધર્મ નથી, આત્માજ આત્માને ખરા સ્વરૂપમાં જાણી શકે છે, પોતે શુભ ભાવમાં છે તે પોતાના સિવાય બીજા કયાંથી જાણી શકે? કોઈ માણસ સામાયિક લઈને બેઠેલો હોય એટલે બીજા તો એમજ માનવાના છે કે, આ ભાઈ અત્યારે ધર્મ કરી રહ્યાં છે પણ સામાયિકમાંયે પોતાના અંતરના પરિણામ કેવાં છે તે કાં પોતે જાણી શકે, કાં સર્વજ્ઞ જાણી શકે, કોઈને દાન દેતા જોઈને બીજા તો એમજ માને કે આ ધર્મ કરે છે, પણ પોતે દાન કેવા પ્રકારના આશયથી કરતો હોય છે, તે પોતાનો આત્મા જ જાણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શકે, સામાયિકમાં બેઠેલો સમતાભાવની પરિણતિમાં જો હોય તો સામાયિક ધર્મ છે અને લક્ષ્મી ઉપરની મૂર્છા ઉતારવાના ધ્યેયથી જો દાન દેવાતું હોય અને લેશપણ કીર્તિની અભિલાષા ન હોય તો તે દાન ધર્મ છે, ધર્મના ગમે તેવા મહાન અનુષ્ઠાન આચરવામાં આવે પણ અંતરના શુભ પરિણામ વિના બહારમાં ક્યાંય ધર્મ નથી. પોતાના શુભ પરિણામ વિના બહારમાં ક્યાંય ધર્મ નથી. પોતાના શુભ પરિણામને પોતે જ જાણી શકે છે; માટે આત્માની સાક્ષીમાં ધર્મ છે લોક રંજનના ધ્યેયથી ગમે તેવાં ધર્મનાં અનુષ્ઠાન કરવામાં આવે તો પણ તેની કીંમત ફૂટી બદામ જેટલી નથી.

ધર્મ આચરવાની સાથે જીવે પોતાની અનાદિકાળની ચાલ બદલવી જોઇએ. વિષય, કષાય, નિંદા કૂથલી એજ અનાદિકાળની કુચાલ છે. આજે અહર્નિશ ધર્મ આચરનારા પણ ઘણીવાર ચાલ બદલતા હોતા નથી જેમ કુપથ્ય કરનારને ધનવન્તરિની દવા પણ ગુણકારક નીવડતી નથી અવળી રીતે પકડેલુ શસ્ત્ર જેમ પકડનારનો જ ઘાત કરે છે, તેમ વિપરીત આશયથી આરાધેલો ધર્મ પણ આત્માનો ઘાત કરે છે, માટે સૌ મૈત્રી ભાવ રૂપી શુદ્ધ આશયથી ધર્મ આરાધો એમ અંતરથી ઇચ્છું છું.*

* મુનિરાજશ્રી પં. ભુવનવિજયજી ગણિ મહારાજકૃત આત્મ જ્યોતિમાંથી સાભાર ઉધ્ધૃત.

## માનવીજીવનની મહત્તા

વાચન કે શ્રવણ મનન માટે કરવાનું છે. મનનમાંથી અર્થબોધ, તેનો સાર કાઢીને તેને આચરણમાં લાવવાનો આપણો હેતુ હોવો જોઇએ. મનનમાંથી તારવેલો બોધ આપણા જીવનમાં કયાં અને કેવો ઉપયોગી થઇ શકશે એ જોવા માટે આપણને આપણા દોષો–આપણી ઊણપો ધ્યાનમાં આવવી જોઇએ. અને તે માટે જ અંતર્મુખતા અને આત્મશોધનની જરૂર છે. તે માટે સંતમહાત્માઓ આપણને જાગ્રત રહેવા માટે, સાવધ રહેવા માટે ઈશારો કરતા આવ્યા છે. આપણા કામ, ક્રોધ, લોભ વગેરે વિકારોને લીધે, તેમ જ મમત્વ અને અહંકારને લીધે આપણામાં ઊઠતી વૃત્તિઓના શમન પાછળ, તે પૂરી કરવા પાછળ તમે ન લાગશો એવું તેઓ આપણને કળકળથી કહેતા આવ્યા છે. આ તેમના સૂચવવાનું કે કહેવાનું રહસ્ય–તેનો હેતુ ઓળખીને આપણે પોતાના જીવનમાં તેનો ઉપયોગ કરવો જોઇએ. તેમ આપણે કરીએ તો આપણાં દુઃખો ઓછાં થશે અને આપણાં સુખ વધશે આપણું જીવન સાર્થક થશે અને આપણા જીવન પરથી મનુષ્યપ્રાણી બીજાં પ્રાણીઓ કરતાં શ્રેષ્ઠ છે એવી ખાતરી થશે. સ્વચ્છંદ, સ્વૈરાચાર અને અસંયમથી માણસ સુખી થતો નથી પણ સંયમ. દૃઢતા અને નિયમબદ્ધતાથી તે સુખી થાય છે; ધન, બળ અને વિદ્યાથી માણસ સુખી થતો નથી પણ તેમનો બીજાના કલ્યાણાર્થ ઉપયોગ કરવાથી તે સુખી થઈ શકે છે. એ સિદ્ધાંત આપણા પોતાના ધર્મરૂપ જીવન-વ્યવહારથી આપણે સિદ્ધ કરવો જોઇએ એટલી મોટી જવાબદારી મનુષ્યરૂપે આપણા પર આવેલી છે, એ ઓળખીને આપણે વર્તવું જોઇએ. એમ સમજીને આપણે વર્તીએ તો જ માનવજીવન શ્રેષ્ઠ છે એમ કહેવામાં કંઇ અર્થ છે એમ સિદ્ધ થશે. વિકૃતિનો નાશ કરીને, પ્રકૃતિને તાબામાં લાવીને માનવસંસ્કૃતિનો વિકાસ કરી તેને ઉત્તરોત્તર આપણે શુદ્ધ કરવાની છે એ વાત–એ જવાબદારી આપણે કયારે પણ ભૂલવી ન જોઇએ.

["વિચારદર્શન–૨"]

—કેદારનાથજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાસતી ચંદનબાળા

લેખક : મનસુખલાલ તારાચંદ મહેતા

લિચ્છવીઓના મુખ્ય રાજા ચેટકની પુત્રી ધારિણીનાં લગ્ન ચંપાનગરીના રાજા દધિવાહન સાથે થયા હતા. ચેટકની બીજી એક પુત્રી મૃગાવતીના લગ્ન કૌશામ્બીના રાજવી શતાનીક સાથે થયા હતા, એટલે દધિવાહન અને શતાનીક સંસારી સંબંધની દૃષ્ટિએ એક બીજાના સાઢુભાઈ થતા હતા. પરંતુ સત્તા અને ધનના લોભ એવા પ્રકારના હોય છે, કે એમાં સંસારી સંબધોનું સ્થાન નહિવત છે. શતાનીકે પણ સત્તા અને ધનના લોભમાં અંધ બની જઈ પોતાનું લશ્કર લઈ એકાએક ચંપાનગરી પર હલ્લો કર્યો. દધિવાહનનું લશ્કર છિન્નભિન્ન થઈ ગયું અને તે નાસી છૂટયો. ધારિણી રાણી તથા તેની બાળપુત્રી વસુમતી પણ જીવ બચાવવા નાસી છૂટયાં, પણ માર્ગમાં દુશ્મન સૈન્યનું એક તોફાની ટોળું ભેટી ગયું. ધારણીના રૂપ પર ટોળાના નાયકની દૃષ્ટિ બગડી એટલે તે પવિત્ર સતીએ શીલના જતન અર્થે જીભ કરડી ત્યાં ને ત્યાં જ પોતાના પ્રાણ ત્યજી દીધા.

ટોળાંના નાયકને પણ પછી તો પસ્તાવો થયો અને મા-બાપ વિનાની નિરાધાર વસુમતીને કૌશામ્બી જઈ ત્યાંના પ્રતિષ્ઠિત નાગરિક ધનાવહ શેઠને દાસી તરીકે વેચી દીધી. ચંદન જેવો શીતળ સ્વભાવ જોઈને ધનાવહ શેઠે તેનું નામ ચંદનબાળા રાખ્યું. દાંપત્ય જીવનમાં સુખોની વાતો સાંભળવામાં તો બહુ આવે છે પણ તેમાં સત્યાંશ નહિવત હોય છે. મોટા ભાગે તો માનસિક, શારીરિક અગર આધ્યાત્મિક દૃષ્ટિએ પતિપત્નીનાં કજોડા જ હોય છે. ધનાવહ શેઠ શ્રેષ્ઠ કોટિના માણસ હતા, તો તેની પત્ની મૂળા અધમ કોટિની સ્ત્રી હતી. 'પુરુષની મતિ કયારે બગડે અને તેનું મન કયારે ચળે તેનો કશો ભરોસો નહિં' એવા વિચારે મૂળાને ચંદનાની સ્ત્રીસહજ ઇર્ષા થઈ અને તેથી ચંદના ઘરમાં આવી ત્યારથી જ મૂળા શેઠાણીની ચકોર દૃષ્ટિ ધનાવહ શેઠના ચંદના પ્રત્યેના હાવભાવનું છૂપું ધ્યાન રાખ્યા કરતી. પુત્રી વાત્સલ્યભાવે શેઠ ચંદના માટે કાંઈ કરે અગર આપે તો પણ વહેમીલી મૂળાની દૃષ્ટિએ તેમાં અવનવું દેખાય અને મનમાં ધૂંઆપૂંઆ થાય.

તેવામાં વળી એક દિવસે કાગને બેસવું અને તાડને પડવા જેવો એક વિચિત્ર બનાવ બની ગયો. માણસ જેવું વિચારે તેવું જ તેને દેખાય છે. ચંદનાની ઉમર આમ તો ધનાવહ શેઠની પૌત્રી જેવડી ગણાય, પણ મૂળા એવી માન્યતા ધરાવતી કે વાંદરો જેમ વૃદ્ધ વયે પોતાની ફલંગ નથી ભૂલતો, તેમ માણસ પણ વૃદ્ધ વયે કામવાસનામાંથી મુકત નથી બની શકતો. મૂળાની આવી માન્યતાના સંદર્ભમાં પાકટ ઉંમરે શેઠે તેની સાથે બીજીવાર લગ્ન કર્યાની વાત હતી. અનિચ્છા છતાં વિધુર થયા પછી અનેક કારણોને લઈ માણસને ફરી લગ્ન કરવાની ફરજ પડે છે, એ વાત મૂળાના મનમાં બેસતી ન હતી. એ દિવસે મૂળા શેઠાણી દર્શન અર્થે મંદિરમાં ગયા હતા. મધ્યાહ્નનો સમય હતો અને ઘરમાં દાસદાસીઓ આઘાપાછા થયા હતા. તેવામાં અચાનક બહારથી આવી ધનાવહ શેઠે પગ ધોવરાવવા કોઈને આવવા માટે આજ્ઞા કરી. ચંદના ઝડપથી ત્યાં દોડી ગઈ અને હજુ શેઠ તેને ના પાડે ત્યાં તો તેણે પગ પ્રક્ષાલનની ક્રિયા શરૂ કરી દીધી. પછી સ્વચ્છ અંગૂછા વડે જ્યારે તે પગ લૂછતી હતી, ત્યારે તેના ખુલ્લા વાળની લટ ઉડતી ખભા પર આવી અને પુત્રી વાત્સલ્ય ભાવે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શેઠે તે લટને પોતાના હાથે સરખી કરી. બરોબર એ જ પળે મુળા શેઠાણીએ ત્યાં પ્રવેશ કર્યો અને એ દૃશ્ય જોઇ તેના મનમાં પલીતો ચંપાઇ ગયો. મનોમન તે બોલી : 'જોઇ લ્યો આ પિતા પુત્રી. અરે ! આ ચંદનાને તો મારે માથે શોક્ય જેમ બેસાડવા આ નરાધમ લાવ્યો છે. આને તે પતિ કહેવો કે પતિત ? એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે એમ જાણતી હોવા છતાં, આ ચંડાલણીને મેં ઘરમાં ઘાલીજ શા માટે ? હવે તો એના પાપની શિક્ષા એવી કરું કે કોઈ બીજાનું ઘર એ ભાંગી જ ન શકે !'

પતિની સામે જોઇ વ્યંગમાં શેઠાણી બોલ્યા : 'વૃદ્ધ વયે પણ પીઠી ચોળાવવાના કોડ થાય છે ? પણ આમ ખુલ્લા દ્વારે આ ઉમરે આવા નાટારંગ તમને શોભતા નથી. એનો તો જરા વિચાર કરો !' ધરતી માર્ગ આપે તો સમાઇ જવાનું ચંદનાને મન થયું અને તે તરતજ ઊભી થઈ બોલી : 'બા ! બા ! આ તમે શું બોલી રહ્યાં છો ?' મૂળા હજુ તેના અસલ સ્વરૂપમાં હતી એટલે ક્રોધપૂર્વક કહ્યું : 'હવે બા-બા કહી મને ભોળવવી રહેવા દે; તારા કરતાં વધુ દિવાળીઓ મેં જોઇ છે.'

ધનાવહ શેઠ અંદરથી તો ઊકળી ઊઠયાં પણ કુભારજા પત્નીના સ્વભાવની તે સારી રીતે પરિચિત હતા. એમ છતાં કહ્યું તો ખરું : 'મારું લોહી પીવું હોય તેટલું ભલે પી લે, પણ આપણી પૌત્રી જેવી આ નિર્દોષ બાળાને શા માટે શબ્દોના બાણ મારે છે ?' મૂળા આ વખતે જવાબ ન આપતાં યોજનાપૂર્વક ચૂપ રહી. સ્ત્રીને બોલતાં તો બહુ આવડે છે પણ ચૂપ રહેતા નથી આવડતું, પરંતુ મૂળા આમાં અપવાદરૂપ હતી. દાંપત્ય જીવનમાં કલેશ અને કંકાસ જાગે ત્યારે પતિ પત્ની સમજીને જો થોડા દિવસ વિખૂટા પડી જાય, તો કલેશ કંકાસ આગળ વધી શકતાં નથી. આ બનાવ બન્યાં પછી ધનાવહ શેઠ પણ ધંધાના અર્થે ત્રણ ચાર દિવસ માટે બહાર ગામ જતા રહ્યા. પણ મૂળાને તો જોઇતું હતું અને વૈદે કહ્યા જેવો ઘાટ થયો ચંદનબાળાનો સદા માટે અંત આવી જાય તેવી યોજના તો તેણે વિચારી જ રાખી હતી, હવે શેઠ બહારગામ જતાં તે યોજનાનો અમલ કરવાનું શકય બન્યું. પત્નીને જ્યારે લાગે કે કોઇ અન્ય સ્ત્રી સાથે પોતાનો પતિ દુરાચાર સેવી રહ્યો છે, ત્યારે એવી સ્ત્રી ગમે તેવી ઠંડી અને નરમ હોય તો પણ, પેલી સ્ત્રી સામે વિફરેલી વાઘણ જેવું સ્વરૂપ ધારણ કરે છે.

મૂળાના નિવાસસ્થાન નીચેના ભાગમાં એક અંધાર ઓરડો હતો, જેનો ઉપયોગ ભાગ્યે જ થતો. ચંદનાનાં વાળને સ્પર્શ કરતો જોઇ ધનાવહ શેઠ પર તેને ભારે ક્રોધ વ્યાપી ગયો હતો, એટલે સૌ પ્રથમ તો ચંદનાને એ ઓરડામાં લઇ જઇ માથે મુંડો કરી નાખ્યો અને પછી ત્યાં પડેલી સાંકળથી ચંદનાને બાંધી. મૃત્યુને નજીક આવેલું જોઇ ચંદના પ્રથમ તો સ્તબ્ધ થઇ ગઇ, પણ પછી વિચાર્યું કે જે જગતમાં આવા ચિત્રવિચિત્ર માનવો વસે છે ત્યાં રહેવાનો અર્થ પણ શું ? મૃત્યુનો ભય જતો રહ્યો અને તે આત્મલક્ષી બની ગઇ. ઓરડાને બહારથી તાળું મારી મૂળા પોતાના પિયર ચાલી ગઇ અને વિચાર્યું કે ત્રણ ચાર દિવસમાં ચંદના આપો આપ મૃત્યુને શરણ થશે ઘરની એક વૃદ્ધ દાસી આ બધું જાણતી હતી પણ તે શું કરી શકે ? કાંઇ કરે અને મૂળા શેઠાણી જાણે તો તેના પણ એવા જ હાલહવાલ થાય, એ ભયે તે ચૂપ રહી.

ચોથા દિવસે ભોજન સમયે શેઠ ઘેર આવ્યા. ચારેબાજુ ચંદનાની તપાસ કરી પણ તેને ન જોઇ એટલે બેબાકળા બની ગયા. પેલી વૃદ્ધ દાસીએ ચંદના વિશેની સત્ય હકીકત કહી દીધી એટલે દસ્તો લઇ તાળું તોડયું અને ચંદનાને બિસમાર હાલતમાં લોખંડની સાંકળ વડે બંધાયેલી જોઇ તેનું હૃદય હાથ ન રહ્યું. તેની આંખમાંથી દડદડ આંસુ વહી ગયા એટલે ચંદનાએ તેને આશ્વાસન આપતાં કહ્યું :



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'બાપુજી! જીવને કર્માનુસાર સુખ દુઃખ પ્રાપ્ત થાય છે, સમજુ માણસે તેનો હર્ષ કે શોક ન કરવો જોઈએ.'

ધનાવહ શેઠ સાંકળ તોડવા માટે તરત જ લુહારને બોલાવવા ગયા પણ જતાં પહેલાં ત્રણ દિવસની ઉપવાસી ચંદનાને કાંઈક ખાવાનું આપી જઉં એમ વિચારી રસોડામાં બફાઈ ગયેલાં અડદ પડયાં હતાં, તેમાંથી થોડા બાકળા લઈ પાસે પડેલા સુપડામાં ઠાલવી ચંદના પાસે મૂકી દીધાં.

બાકળા જોઈ ચંદનાને ભૂતકાળના દિવસોનું સ્મરણ થયું. એ પણ દિવસો હતાં, આ પણ દિવસો છે. ભૂતકાળની રાજકન્યા પણ આજની ગુલામ. કર્મની ગતિ કેવી ગહન છે! માનવની સ્થિતિમાં પરિવર્તન થયા કરે પણ સંસ્કારો પલટાતા નથી. ચંદનાને થયું કે કોઈ અતિથિનો લાભ મળી જાય તો પછી બાકળા વાપરું. યોગાનુયોગે ભગવાન મહાવીર જેઓ લગભગ છેલ્લા છ માસથી એકધારું ઉપવાસનું ઉગ્ર તપ કરી રહ્યાં હતાં અને જેમને અભિગ્રહ પ્રમાણે ગોચરી મળી શકતી ન હતી, તેઓ ફરતાં ફરતાં બરાબર મધ્યાહ્નકાળે ત્યાં આવી પહોંચ્યાં. ભગવાનને ગોચરી આપવા આમ તો લોકો પડાપડી કરતાં, પણ અભિગ્રહ મુજબ ગોચરી ન મળે ત્યાંસુધી તેઓ ગોચરી સ્વીકારે એમ ન હતા. ભગવાન જેવા અંધારા ઓરડા નજીક આવ્યા, કે ચંદનાના રૂંવે રૂંવે આનંદ પ્રગટી ગયો. સાંકળથી બંધાયેલી હોવા છતાં એ સ્થિતિમાં પણ બાકળા લઈ એક પગ ઉંબરામાં અને બીજો પગ બહાર રાખી, ગોચરી આપવા તૈયારી કરી. ચંદનાની આંખોમાં આંસુ સિવાય ભગવાનના અભિગ્રહ મુજબ બધું હતું. ભગવાનને ગોચરી લીધા વિના પાછા ફરતાં જોઈ ચંદનાની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી, એટલે અભિગ્રહ પૂરો થતાં ભગવાને પોતાના હસ્તકમળમાં ગોચરી સ્વીકારી. ત્યાં તો પંચદિવ્ય પ્રગટયાં. આકાશમાંથી સુવર્ણના પુષ્પોની વૃષ્ટિ થઈ. દેવતાઓએ ચંદનાનું અપૂર્વ સન્માન કર્યું. એજ ક્ષણે ચંદનાનાં માથે વાળ આવી ગયા અને લોખંડની સાંકળ સુવર્ણ અને રત્નના આભૂષણોમાં પલટાઈ ગઈ.

લોકોની મોટી મેદની જામી ગઈ. કૌશામ્બીના રાજા શતાનીક અને મૃગાવતી જે ચંદનાની સગી માસી હતી. તે પણ આવી પહોંચ્યાં. પોતાની બહેનની પુત્રીને ઓળખી જઈ મૃગાવતીએ ચંદનાને બાથમાં લઈ લીધી. ત્યાં તો ધનાવહ શેઠને લુહારને લઈ આવ્યાં, પણ જે દૃશ્ય તેણે ત્યાં જોયું તેથી તેનું પણ જીવન ધન્ય બની ગયું. કૌશામ્બીના લોકો ઘેલા બની ગયા અને મૂળા શેઠાણી પણ આ બધું શું સંભળાય છે તે જોવા પિયરથી પોતાના ઘર આંગણે દોડી આવ્યા.

મૂળા તો ચંદનાને જોઈ આભી બની ગઈ. કેવી મહાન સ્ત્રી સાથે કેવો કુર અને ભયંકર વર્તાવ તેનાથી થઈ ગયો હતો તેનું ભાન થતાં તેનું હૈયું હાથ ન રહ્યું. પશ્ચાત્તાપના આંસુની ધારા તેના ચક્ષુમાંથી વહેતા લાગી. ચંદનાના પગ પકડી વિષણ્ણ હૈયે મૂળા બોલી: 'બેન! મેં પાપિણીએ મારા ઘરે આવેલા રત્નને ન ઓળખ્યું, મને માફ કર!'

પોતાના બંને હસ્તવડે ચંદનાએ મૂળાને ઊભી કરી અને બોલી: 'બા! બા! તમે આ શું બોલી રહ્યાં છો? તમે તો મારા પરમ ઉપકારી છો, તમે મને આશ્રય આપ્યો તો આજે આ દિવસ જોવાનો વારો આવ્યો. તમારા ચરણો ધોઈ તેનું જળ પી જઉં તો પણ તમારા ઉપકારનો બદલો વાળી શકું એમ નથી.'

ચંદનાએ અનુભવેલા દુઃખો વિષે જાણી મૃગાવતી પણ ચોધાર આંસુએ રડી અને પછી શતાનીક સામે જોઈ બોલી: 'ધન અને સત્તાની લાલસાએ તમારા હાથે કેવું ઉગ્ર પાપ થયું છે તેનો ખ્યાલ આવ્યો હશે!' ત્યાં તો ચંદના બોલી: 'માસી!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હવે મારા માસાને જુનાં વાતો યાદ કરી શું કહેવાનું નથી. ભગવાનને ગૌચરી વહોરાવવાનો આજે મને જે અપૂર્વ લાભ મળ્યો અને મારૂં જીવન ધન્ય બન્યું તે યશના અધિકારી: એક રીતે તો મારા માસા પણ છે. કોઇ પણ બાબત અંગે વિચારતાં એનું ભિન્ન ભિન્ન દૃષ્ટિએ વિશ્લેષણ કરતાં થઇ જઇએ તો દુઃખ-આઘાત-વ્યથા માનવ જીવનમાં શૌકરૂપ બનવાને બદલે આશીર્વાદ રૂપ બની જાય છે. કૌશામ્બીનો રાજા શતાનીક નીચી મુંડી રાખી ચંદનાની વાત ખિન્ન હૃદયે સાંભળી રહ્યો હતો. મોં ઉંચું કરી શકે તેવી તેના મનની સ્થિતિ ન હતી.

મૂળા અને ધનાવહ શેઠની રજા લઇ ચંદના પછી તો મૃગાવતી સાથે કૌશામ્બીના રાજમહેલમાં ગઇ. ધનાવહ શેઠનો દુઃખી સંસાર સુખી થઈ ગયો. પતિ પ્રત્યેનાં પૂર્વગ્રહનો નાશ થયો. નાની વયમાં જ ચંદનાને સંસારનું સ્વરૂપ એટલું બધું સ્પષ્ટ રીતે સમજાઇ ગયું કે મોજ-શોખ કે વૈભવ-વિલાસનું તેના જીવનમાં સ્થાન જ ન રહ્યું. મૃગાવતીએ અનેક પ્રયત્નો કર્યાં છતાં ચંદનાનું વલણ દિનપ્રતિદિન ત્યાગ-તપ-સંયમ પ્રત્યે વધતું અને વધતું જ ગયું. જળમાં કમળ રહ્યાં છતાં જળથી જેમ અલિપ્ત રહે છે, તેમ ચંદના પણ સંસારના કહેવાતા પોકળ સુખોથી અલિપ્ત જ રહી.

ભગવાન મહાવીરને જ્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું અને ચતુર્વિધ સંઘની સ્થાપના કરી ત્યારે સાધ્વી સંઘનું નેતૃત્વ પદ ભગવાને ચંદનબાળાને સોંપ્યું. મૃગાવતીએ રડતી આંખોએ ચંદનબાળાનો દીક્ષા સમારંભ નિહાળ્યો અને જો કે તે ચંદનબાળાને સંસારમાં ન રાખી શકી, પણ સમય આવતાં તે પોતે જ દીક્ષા સ્વીકારી ચંદનબાળાની શિષ્યા બની ગઇ, ચંદનબાળા અને મૃગાવતી બંનેના જીવ મોક્ષગામી બન્યાં અને આ બંને મહાન નારીઓનું આપણે સ્મરણ કરીએ છીએ. જીવન કેમ જીવવું તે તેઓને આવડ્યું અને બંને અમર બની ગયા.*

* જૈન ધાર્મિક શિક્ષણ સંઘનું પાઠ્યપુસ્તક 'ધર્મકથાઓ'માંથી લેખકની કથા ટૂંકાવીને સાભાર ઉધ્ધૃત.

## साम्राज्य—साधुतानुं

જગતમાં સર્વાંશે જોઇશું તો જણાશે કે દુષ્ટતાનું સામ્રાજ્ય નથી, સામ્રાજ્ય કેવળ સાધુતાનું છે. દુષ્ટો કરોડો હોય ત્યારે દુષ્ટતા ચાલી શકે છે, પણ સાધુતા ફક્ત એકમાંજ મૂર્તિમંત હોય, ત્યારે પણ એ સામ્રાજ્ય ભોગવી શકે છે. અહિંસાનો પ્રભાવ એટલો વર્ણવ્યો છે કે એની સામે હિંસા શમી જ જાય. અહિંસા સામે પશુઓ પણ પશુતા મૂકી દે છે. એકજ સાધુ પુરૂષ જગતને સારૂ બસ થઇ જાય છે. એનું સામ્રાજ્ય ચાલે છે, આપણું સામ્રાજ્ય નથી ચાલતું, કારણ આપણે તો જેમતેમ કરીને આપણું ગાડું ચલાવીએ છીએ. પેલો સાધુ પુરૂષ લખી મોકલે ને તે પ્રમાણે બધું થઇ જાય, એવું સાધુતાનું સામ્રાજ્ય છે. જ્યાં દુષ્ટતા છે ત્યાં બધું અસ્તવ્યસ્ત હોય છે. સાધુતા હોય ત્યાં સુવ્યવસ્થિત તંત્ર ચાલે છે, માણસો સુખી થાય છે. એ સુખ ખાવાપીવાનું સુખ નહિ, પણ માણસો સદાચારી અને સંતોષી થાય એવું સુખ છે. નહિ તો માણસો કરોડો હોવા છતાં બેબાકળાં ફરે છે, એ સુખની નિશાની નથી.

'ગાંધીજીનું ગીતાશિક્ષણ' પૃ. ૧૨૪] —ગાંધીજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મધ્યાન

લેખક :-અમરચંદ માવજી શાહ

**एकाग्रचिंता निरोधो ध्यानम् ।** ચિત્તની એકાગ્રતા પૂર્વક બાહ્ય-ચિંતાઓ અને ચેષ્ટાઓનો ત્યાગ કરી, સ્વસ્વરૂપમાં સમતા પૂર્વક ધ્યાન કરવું. ધ્યાન એ ચારિત્રપર્યાયનો ગુણ છે. સ્થિરતા એ ધ્યાન છે. યોગ સાધનામાં અધ્યાત્મ શાસ્ત્રોનું પરિશીલન કરી, તેની અંતરમાં ભાવના કરી ચિંતન કરી, સ્વભાવ વિભાવ પરિણતીનું ભેદજ્ઞાન પ્રાપ્ત કરી, પરથી જુદા એવા ચૈતન્ય સ્વરૂપનું એકાગ્ર ચિત્તથી સમતા ભાવથી સ્થિર થઇ ધ્યાન કરવું. સંકલ્પ-વિકલ્પને ઉપશાંત કરી માત્ર નિર્વિકલ્પ દષ્ટારૂપે રહી, પદ્માસનવાળી, જિનસદશ પ્રતિમાના સ્વરૂપે, સોડહં સ્વરૂપમાં નિર્વિકલ્પપણે આત્મધ્યાન કરવું. વૃત્તિઓ સંક્ષય કરવા તરફ ઉપયોગ રાખવો અને એ સ્થિતિમાં જેટલો સમય ટકી શકાય તેટલો સમય શાંતિપૂર્વક ૐ શાંતિમાં એક આસન ઉપર બેસવું.

**शुद्धात्मा द्रव्यमेवाऽहं ।** હું એક શુદ્ધ આત્મદ્રવ્ય જ છું, સર્વ પરાભાવ પરદ્રવ્યથી પર છું, માત્ર ચૈતન્ય સ્વરૂપ નિર્વિકલ્પ જ્ઞાતા દષ્ટા, સ્વભાવથી અલંકૃત, ચિત્તમાત્ર જ્યોતિ સ્વરૂપ, શુદ્ધ આત્માજ છું. આ બધું જે જ્ઞેયોમાં જણાય છે, તે મારાથી પર છે. હું સ્વસ્વભાવથી પરિપૂર્ણ છું, મારે તેમાં મગ્ન થઇ સ્થિર થવું છે, એટલે હું સમસ્ત મોહ ક્ષોભ એટલે પરવસ્તુમાં અજ્ઞાનતાથી થતો મોહ અને તેથી અંતરમાં થતો ક્ષોભ ઉપશાંત કરી, પરમ શાંત રસમય આનંદ સ્વરૂપ મારા શુદ્ધ આત્મ દ્રવ્યમાં, હું મારા પારિણામિક ભાવે પરિણમવાની યોગ્યતાથી, ધ્યાન દ્વારા પરિણમવા ઉત્સુક છું. મારાથી પર એવા સંયોગી સંબંધોમાં હું ઉદાસીન થાઉ છું.

**आनंदरुपं परमात्मतत्त्वं ।** પરમાત્માનું સ્વરૂપ પરમ આનંદમય છે. સહજ સ્વાભાવિક આનંદમય મારૂં નિજ રૂપ છે. હર્ષ-શોક, રાગદ્વેષ, સંકલ્પ વિકલ્પ, પરભાવ પરદ્રવ્યની આસક્તિ, વિષય કષાયની તૃષ્ણાનો ત્યાગ કરી માત્ર અનાબાધ આત્મસ્વરૂપમાં આત્મા આત્માવડે આત્માથી આત્મામાં આત્માને માટે આત્મધ્યાન કરવાથી પરમ શાંતિનો પરમ આનંદનો અનુભવ થાય છે. પરમ અભેદ પ્રેમ, સમભાવમાં અલૌકિક સ્વરૂપનાં દર્શન થાય છે. જીનેશ્વર ભગવાનની પ્રતિમા એ આપણને આત્મધ્યાનની પ્રેરણા આપે છે. એ સૂચવે છે કે પદ્માસનવાળીને બેસવાથી વિરતિનાં પરિણામમાં આત્મા સ્થિર થઇ બેસે છે, ક્રોધ હિંસા, અસત્ય, ચોરી, કુશીલતા પરિગ્રહની મૂર્છાથી તે સમયે તે વિરક્ત હોય છે, હાથ-પગ-ઇન્દ્રિયોની પ્રવૃત્તિ સ્થગિત થયેલી હોય છે, દષ્ટિ નાસાગ્રે સ્થિર થવાથી, પરગામી દષ્ટિ જતી હતી, તે અંતરમાં નિરીક્ષણ કરે છે, અને મન-વચન-કાયાની પ્રવૃત્તિ બંધ થવાથી સ્વયં પોતે જ આત્મા-આત્માના ધ્યાનમાં-એકાગ્ર થઈ સ્થિર થાય છે. એ સ્થિરતા જેમ જેમ વધતી જાય છે તેમ તેમ અલૌકિક આનંદની છોળો અંતરમાં ઉછળવા માંડે છે.

આ ધ્યાનની એકાગ્રતા માટે સાલંબન ધ્યાનથી શરૂઆત કરવાની હોય છે. ચૌદ રાજલોકમાં ફરતું ચચળ ચિત્ત, મન વડે અસ્થિરતાથી ભ્રમણ કર્યા કરે છે. અને અસ્થિર ચિત્ત હોય ત્યાં સુધી આત્માનું પ્રતિબિંબ પ્રકાશતું નથી. એ ચિત્તની સ્થિરતા, પરમાત્માની પ્રતિમામાં એકાગ્ર થવાથી સ્થિર થવાથી નિર્વિકલ્પ અનુભવ સહજ થઇ જાય છે. જો કે આ સ્થિતિ લાંબો સમય ટકી શકતી નથી, પરંતુ તેનો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આસ્વાદ અનુભવાતા પરમ આનંદ પ્રાપ્ત થાય છે, અને તે અનુભવનો વિષય હોવાથી પોતે જ તે અનુભવી શકે છે.

જ્યારે આત્મધ્યાન આ રીતે કરવામાં આવે છે તે વખતે યોગની સ્થિરતામાં કર્માશ્રવો રોકાય છે, સંવર થાય છે, અને પૂર્વકર્મની નિર્જરા થાય છે, એટલે અંશે બંધ ભાવનો અભાવ થતો જાય છે, આત્મા મુક્ત થતો જાય છે, આત્મામાં ગુણોનું આવરણ જેમ જેમ ઓછું થાય છે, તેમ તેમ આત્મા પ્રકાશિત થતો જાય છે, આ સ્થિતિમાં સંપૂર્ણપણે સ્થિરતા તે મુક્ત દશા છે. જ્યાં સુધી એ દશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આ પ્રકારે આત્મધ્યાન ચાલુ રાખવું.

જ્યારે આત્મા આત્મધ્યાનમાં મગ્ન થાય છે, ત્યારે ૬ કાયજીવોની હિંસાથી વિરમે છે, ૧૭ પ્રકારના સંયમથી શોભે છે, ૧૨ પ્રકારનું તપ ધ્યાન દ્વારા સાધે છે, ધ્યાન એ પરમ તપ છે, ધ્યાનથી જ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

આપણા જીવનમાં અત્યારે એવી વિસંવાદિતા થઇ છે કે આપણે જાણે એક યંત્રરૂપ જીવન જીવી રહ્યા છીએ, આપણને જાણે ફુરસદ જ નથી, આપણું ચિત્ત-મન તો જાણે કેટલાય ઝાંવાં નાખતું સર્વત્ર ફર્યા કરે છે, આમ કરી લઉં, તેમ કરી લઉં, આમ થાય તેમ થાય, આદિ સંકલ્પ-વિકલ્પમાં, અસ્થિરપણે યોગોનો ઉપયોગ થાય છે. ઉપયોગ રૂપ ધર્મ વિસરાઇ ગયો છે, રૂઢિગત ધર્મધ્યાન કરવા માત્રથી જ આપણે સંતોષ અનુભવીએ છીએ, તેનાં મર્મને સમજવાનો પ્રયત્ન કરતાં જ નથી, જો મર્મ સમજાય જાય તો આપણી દરેક પ્રવૃત્તિનાં કે નિવૃત્તિનાં સમયમાં આપણું ઉપયોગરૂપ ધ્યાન ચાલુ જ ૨૪ કલાક રહે. પણ આપણે સંસાર વ્યવહારમાં એટલા બધાં ખૂંચી ગયા છીએ કે જાણે આપણું જીવન આ બધી ઉપાધિઓ વેઠવા માટે જ હોય.

આપણને જીવન જીવવા પૂરતી સાધન સામગ્રી મળી હોય, શાંતિથી આપણું જીવન ચાલતું હોય, તો નકામી ઉપાધિઓ ન વધારતાં, સમાધિભાવ પ્રાપ્ત કરવા માટે, યોગ અધ્યાત્મ જ્ઞાનનો નિત્ય સ્વાધ્યાય કરીને, અંતર્મુખ દૃષ્ટિ કેળવવી જોઇએ, ભેદજ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ, સમ્યગ્ દર્શનની શુદ્ધિ કરવી જોઇએ અને યોગ્યતા અનુસાર આત્મધ્યાનમાં પ્રવૃત્ત થવું જોઇએ.

અત્યારે જડવાદનો પવન-મોહનું તોફાન અને અજ્ઞાનતાથી પરલક્ષી પરવસ્તુ તરફની આસક્તિથી, પોતે પોતાનું ચૂકી જાય છે, અને જન્મવું, ભણવું ગણવું, પરણવું, બાળ બચ્ચા ઉછેરવા, વૃદ્ધ થવું, ને મરી જવું, બસ આમાં માનવ જન્મની ઇતિ કર્તવ્યતા માને છે. ખાવું પીવું લહેર કરવી હરવું ફરવું ને આનંદ કરવો એમાં જ મોજ સમજે છે, પણ આ રીતે આવા મહામૂલા માનવભવને વેડફી દેવો એ તો નરી બાલીશતા જ ગણાય.

પ્રવૃત્તિમાં પરમાત્માનું સ્મરણ સમયે સમયે કરવું નિવૃત્તિમાં નિર્વિકાર-ધ્યાન કરવું અને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું.

સમાઇ જવું એક ધ્યાનમાં, નવે તત્વનું જ્ઞાન;
જીવા જીવનાં જ્ઞાનથી, આવે સ્વરૂપજ્ઞાન.

—અમર આત્મમંથન

બધા તીર્થંકર ભગવંતો ધ્યાનથી જ કેવળજ્ઞાન પામી મુક્તિને પામ્યા છે. ભગવાન પાર્શ્વનાથ પ્રભુ કમઠનાં ઉપસર્ગમાં સમતાભાવમાં ધ્યાનમાં સ્થિર રહ્યા, ભગવાન મહાવીર સ્વામી સાડાબાર વરસ સુધી ધ્યાનરૂપ તપમાં વિચર્યા. ધ્યાન એ તપનોજ પ્રકાર છે. જ્યાં આત્મધ્યાન ઉપયોગ પૂર્વક ચાલુ હોય છે, ત્યાં ઇન્દ્રિયોની યોગની સહજ સ્થિરતા હોવાથી, ભૂખ તૃષાનો ખ્યાલજ આવતો નથી. એટલે તે તપ બાહ્ય તપ અભ્યંતર તપ સાથે હોય છે. મુખ્ય ધ્યાન અને સમતાથીજ કર્મ ક્ષય થાય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે, આ ધ્યાન માત્ર યોગીઓ જ જંગલોમાં કે ગુફામાં બેસી કરી શકે તેવું કાંઈ નથી. ભેદ વિજ્ઞાની આત્મા સ્વપરનાં વિવેકથી ઉપયોગરૂપ ધ્યાન અંતર દૃષ્ટિએ સમયે સમયે કરી સંવર નિર્જરાનો લાભ સહજ પ્રાપ્ત કરી શકે છે અને આશ્રવબંધનો નિરોધ તેથી થતાં, આત્મા નિર્મળ થતો જાય છે. અને કાળલબ્ધિ પામી આત્મ શુદ્ધિ અને આત્મ સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

આ કાળમાં સપ્તમ ગુણસ્થાનક સુધી આપણે પહોંચી શકીએ તેવો કાળ તો છેજ, તે કાંઈ ઓછી કમાણી નથી, પરંતુ આપણે જાણે પહેલી ચોપડીમાંથી બહારજ નીકળવું નથી, અને સાતમી મેટ્રીક સુધી પહોંચી શકાતું જ નથી, એવી રીતે આપણા જીવનહીનપુરૂષાર્થમાં પ્રમાદી બની માનવભવ એળે ગુમાવી દઈએ છીએ, અને આત્માનું આપણા હાથે અહિત કરી રહ્યા છીએ. ધ્યાનથીજ જ્ઞાન પ્રાપ્ત થાય છે, જ્ઞાન એજ આત્માનું સ્વરૂપ છે.

કળિકાળ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીએ યોગશાસ્ત્રમાં ચોથા પ્રકાશમાં દર્શાવાયું છે કે—

"મોક્ષ કર્મના ક્ષયથી પ્રાપ્ત થાય છે, કર્મનો ક્ષય જ્ઞાનથી થાય છે, અને આત્મજ્ઞાન ધ્યાનથી પ્રાપ્ત થાય છે, માટે ધ્યાનજ આત્માનું હિતકારી છે."

શ્રીમદ્ આનંદઘનજી યોગીશ્વરે વીશમા સ્તવનમાં.

"આતમ ધ્યાન કરે જો કોઉ તો ફિર ઇણમેં નાવે,
વાગ્જાળ બીજું સહુ જાણે, એહ તત્વ ચિત્ત લાવે.

સંત ચીદાનંદજીએ અધ્યાત્મ બાવીશીમાં—

"આતમ ધ્યાન, અધ્યાતમ જ્ઞાન;
સમો શિવ મારગ, ઓર ન કોઇ." (૧૦)
"જ્ઞાન વિના ન લહે, શિવમારગ;
ધ્યાન વિના, મન હાથ ન આવે." (૨૯)

સંત શ્રીમદ્ રાજચંદ્રજીએ પ્રરૂપ્યું છે કે—

"જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;
તે ભાવે શુભભાવના, તે ઉતરે ભવપાર."

આત્મભ્રાંતિસમ રોગ નહિં,
સદ્ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિં,
ઔષધ વિચાર ધ્યાન."

(આત્મસિદ્ધિ)

હે મુનિઓ! જ્યાં સુધી સમવસ્થાનરૂપ સહજ સ્થિતિ સ્વાભાવિક ન થાય, ત્યાં સુધી તમે ધ્યાન અને સ્વાધ્યાયમાં લીન રહો." (હાથનોંધપોથી)

"આવા સાંકડા સમયમાં તો, છેકજ સાંકડો માર્ગ, 'પરશાંત થવું' તે ગ્રહણ કરવો."

"સર્વ ઇન્દ્રિયોનો સંયમ કરી, સર્વ પરદ્રવ્યથી નિજ સ્વરૂપ વ્યાવૃત કરી, યોગને અચળ કરી, ઉપયોગની ઉપયોગથી એકતા કરવાથી, કેવળજ્ઞાન થાય."

"આત્માનો ધર્મ આત્મામાં છે, ઉપયોગ ત્યાં ધર્મ છે, સંકલ્પ વિકલ્પ મુકી દેવાને ઉપયોગ, ઉપયોગ એજ સાધના છે. ઉપયોગ શુદ્ધ કરવા જગતના સંકલ્પ વિકલ્પને ભૂલી જજો, જ્યાં ત્યાંથી રાગ દ્વેષ રહિત થવું એજ ધર્મ છે.

આ રીતે અધ્યાત્મ યોગીઓ નિરપેક્ષપણે ધ્યાનનોજ ઉપયોગ કરે છે, અને આત્મજ્ઞાન પ્રાપ્ત કરે છે. આધ્યાત્મિક સ્વાધ્યાય અને ધ્યાન આ કાળમાં આટલુંજ જો આપણે બરાબર ઉપયોગપૂર્વક કરીએ તો પણ ઘણું છે. સમયસાર નાટકમાં—

"ભેદ વિજ્ઞાન ભયો જિન્હકે ઘટ,
શિતળ ચિત્ત જાયો જિમ ચંદન;
કેલિકરે શિવમારગમેં,
જગમાંહિ જિનેશ્વર કે લઘુ નંદન."

માટે ભેદ વિજ્ઞાનનો અભ્યાસ કરી.

આત્માની દયા કરો, આત્માને દાન કરો;
આત્માનો ધર્મ કરો, આત્માનું ધ્યાન કરો.

ૐ શાંતિ શાંતિ શાંતિ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એકાદશ અધ્યાત્મ ગુણશ્રેણિ

**(Eleven Stages of Spiritual Progress)**

લેખકઃ–રા. રા. જીવરાજભાઈ ઓધવજી દોશી. બી. એ. એલ. બી.

જૈન શાસ્ત્રમાં ચૌદ ગુણસ્થાન બતાવ્યા છે. તેને અનુસરીને અગિયાર અધ્યાત્મગુણશ્રેણિ બતાવેલ છે. શ્રી યશોવિજયજી ઉપાધ્યાય મહારાજ અધ્યાત્મસારના પ્રથમ પ્રબંધમાં અધ્યાત્મનું માહાત્મ્ય બતાવે છે. તેમાં ૨૬મા શ્લોકમાં અધ્યાત્મનું સ્વરૂપ બતાવે છે અને ૩૧-૩૨-૩૩ શ્લોકમાં ઉત્તરોત્તર વૃદ્ધિ પામતાં આત્માના ગુણોની પરંપરા-શ્રેણિનું દિગ્દર્શન કરાવે છે. ૨૬મા શ્લોકમાં ઉપાધ્યાયજી મહારાજ બતાવે છે કેઃ—

गतमोहाधिकाराणामात्मानमधिकृत्य या ।
प्रवर्तते क्रिया शुद्धा तदध्यात्मं जगुर्जिनाः ॥

જેના ઉપર મોહનું સામર્થ્ય મંદ થયું છે એવા ભવ્ય પુરુષોની આત્માને અનુલક્ષીને જે શુદ્ધ ક્રિયા પ્રવર્તે છે તેને જિનેશ્વરો અધ્યાત્મ કહે છે. વેદાન્ત જેવા દર્શનની જેમ જ્ઞાનથી મુક્તિ મળે છે એવું તીર્થંકરો પ્રતિપાદન કરતા નથી, તેમ મીમાંસકોની જેમ ફક્ત ક્રિયા અનુષ્ઠાનથી મુક્તિ મળે છે એમ પણ કહેતા નથી; પણ મુક્તિ માટે જ્ઞાન અને ક્રિયા, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રના દ્વંદ્વની અનિવાર્ય આવશ્યકતા પ્રતિપાદન કરે છે. ૩૬મા શ્લોકમાં ઉપાધ્યાયજી મહારાજ સમર્થન કરે છે કે—

ज्ञानं शुद्धं क्रिया शुध्धेत्यंशौ द्वाविह सङ्गतौ ।
चक्रे महारथस्येव पक्षाविव पतत्रिणः ॥

મહારથના બંને ચક્રો અને પક્ષીની બન્ને પાંખોની જેમ આધ્યાત્મિક ગુણની વૃદ્ધિમાં શુદ્ધ જ્ઞાન અને શુદ્ધક્રિયારૂપી બંને અંશો એકાત્મ ભાવે વર્તે છે. અધ્યાત્મ માટે જ્ઞાન અને ક્રિયાની આવશ્યકતા બતાવ્યા પછી ઉપાધ્યાયજી મહારાજ અધ્યાત્મવૃદ્ધિનો ક્રમ બતાવે છે. ૩૨મા શ્લોકમાં એક પુરુષમાં અધ્યાત્મજાગૃતિ (spiritual awakening) થયેલી કેવા ચિહ્નોથી જણાય તેનું વર્ણન કરે છે. તેવા અધ્યાત્મની જાગૃતિ થનાર પુરુષને ધર્મ શું છે તે જાણવાની ઇચ્છા થાય છે. ધર્મ જાણવાને સાધુપુરુષનો સંગ કરવાની તેને તીવ્ર ઇચ્છા થાય છે. ધર્મની ક્રિયા કરવાની તેને રુચિ થાય છે.

આધ્યાત્મિક માર્ગ ઉપર ચડવાનું આ પહેલું પગલું છે, પણ અધ્યાત્મમાર્ગમાં પ્રવેશ કરવો એ સહેલી વાત નથી. જડ જગત અને ચૈતન્ય જગત નિરાળાં છે. જડ જગતમાં પ્રકૃતિના નિયમો સામ્રાજ્ય ભોગવે છે. તે જગતમાં સ્વતંત્રતાને કે વ્યક્તિત્વ (freedom & personality)ને સ્થાન નથી. નીતિના નિયમો કે પુરુષાર્થને કાંઇ અવકાશ નથી. કાર્ય-કારણના અટલ નિયમથી દરેક જડ વસ્તુ બંધાયેલ છે, જ્યારે ચૈતન્ય જગતમાં ધર્મ અને નીતિના નિયમો સામ્રાજ્ય ભોગવે છે. જડકર્મથી એક રીતે બંધાયેલ છતાં માણસમાં એવી આત્મિક શક્તિ છે કે જે શક્તિથી જડ જગતના નિયમોનું પરાવર્તન કરી શકે છે, કર્મપ્રકૃતિનો સ્થિતિઘાત રસઘાત વગેરે કરવાના જે નિયમો કર્મગ્રંથમાં બતાવ્યા છે તે ચૈતન્ય જગતના આત્માના ગુણોને અનુલક્ષીને છે. માણસ જડ અને ચૈતન્ય જગતની મધ્યમાં મધ્યબિંદુ તરીકે આવેલો છે. તેનું શરીર, ઇંદ્રિયો, મન જડ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુદ્ગલમાંથી સર્જાયેલા છે તેની આજુબાજુ જડ જગત છે. જન્મ અને મરણ વખતે પણ જડ-કાર્મણ શરીર તેને છોડતું નથી. એટલે એક બાજુ માણસ જડ જગત સાથે ઓતપ્રોત થયેલ છે. પણ માણસમાં એકલી જડતા–પૌદ્ગલિકતા નથી, તેનામાં સુખદુઃખની લાગણી છે, સાચું ખોટું વિચારવાનું જ્ઞાન છે. પોતાની પૌદ્ગલિક સ્થિતિથી તેને સંતોષ નથી, ઉન્નત થવાની ભાવના છે, સૌંદર્યમાં તેને આનંદ આવે છે, મલિનતામાં તેને ઘૃણા થાય છે, બીજાને દુઃખી જોઇ દુઃખ થાય છે, બીજાને સુખી કરવાની અને બીજાના સુખ માટે આત્મભોગ આપવાની માણસમાં ઉર્મિ છે; આ બધા જડ જગતના ગુણો નથી, પણ આધ્યાત્મિક ગુણો છે. એટલે એક વખત અધ્યાત્મદશા જાગૃત થયા પછી તે માર્ગમાં આગળ વધવા માણસ પ્રયત્ન કરે છે.

અધ્યાત્મમાર્ગમાં પ્રવેશ કરતાં તેને અનેક પ્રકારના અંતરાયો અને વિઘ્નોનો સામનો કરવો પડે છે. અંતરાયો બે પ્રકારના હોય છે: જડ–પૌદ્ગલિક જગતના અને અંતરના ભાવોના. સંસારી જીવ બહારની વસ્તુઓને પોતાની–આત્માની ગણે છે. ઘરબાર, કુટુંબકબિલો, ધનધાન્ય પોતાના માને છે. જીવની આ પરભાવ દશા છે. અધ્યાત્મમાર્ગમાં પ્રયાણ કરતા માણસને આ બહિરૂસંબંધવાળું જગત પોતાનું નથી, તે આત્મિક વસ્તુ નથી આત્માના ગુણોના વિકાસને રૂંધવાવાળું છે એવી પ્રતીતિ થતાં તેની મમતા છોડી દેવાનો–તે બંધનો દૂર કરવાનો તે પ્રયત્ન કરે છે તેના પ્રથમ પગથિયાં તરીકે તે દેશવિરતિ બને છે, અને ક્રમે ક્રમે સર્વવિરતિ બને છે. એટલે આત્મજાગ્રતિ થતાં પ્રથમ અવિરત ભૂમિકામાંથી તે બીજી દેશવિરતિ અને ત્રીજી સર્વવિરતિ ભૂમિકામાં આવે છે. બહિરૂ વસ્તુઓ ઉપરની મમતા સર્વથા છોડ્યા પછી, પરભાવવૃત્તિથી નિવૃત્ત થતાં, માણસને અંતરના શત્રુઓ ક્રોધાદિ કષાયોનો સામનો કરવો પડે છે. તે કષાયો આત્મિક ઉન્નતિને અવરોધ કરનારા છે. તેઓનો પરાજય કરવો તે ઘણું કઠણ કામ છે. આત્માને પોતાનું વીર્ય ફોરવવું પડે છે. આત્મામાં જેમ અનંત જ્ઞાન છે તેમ અનંત વીર્ય (infinite will power) છે. તે શક્તિને લઇને જીવ પ્રથમ અનંતાનુબંધી કષાયોને નિર્મૂલ કરે છે, સત્તાથી ક્ષય કરે છે. આ ભૂમિકાને અનંતાનુબંધી ક્ષપણ ભૂમિકા કહેવામાં આવે છે. અનંતાનુબંધી કષાયો અનંત સંસારમાં જીવને રઝળાવે છે, અને અનંત સંસારના મૂળ કારણ મિથ્યાત્વના ઉદયના કારણ હોવાથી સ્વરૂપાનુભાવરૂપ સમ્યગ્દર્શનનો ઘાત કરે છે. ત્યારપછીની પાંચમી ભૂમિકાને દગ્મોહક્ષપક કહેવામાં આવે છે. દગમોહ એટલે પારિભાષિક ભાષા પ્રમાણે દર્શનમોહનીય. આ કર્મના પરિણામે તત્ત્વાર્થ વિષેની શ્રદ્ધા વિકૃત રહે છે. બહારના સંસારનો સંબંધ છોડ્યા પછી, એટલે સર્વવિરતિ ભાવ ગ્રહણ કર્યા પછી પણ આત્મતત્ત્વ ઉપર અચળ શ્રદ્ધા ન રહે ત્યાં સુધી મુમુક્ષુ–સાધક–મોક્ષાર્થીની મનની સ્થિતિમાં મોહ–મુગ્ધતા, ભ્રાંતિ (delusion), ડામાડોળપણું રહેવા સંભવ છે. એટલે તે મોહ દશાનો મૂળથી, સત્તાથી ક્ષય કરવાનો રહે છે. તે પાંચમી દગમોહક્ષપક ભૂમિકા છે.

બહિરૂજગતનો સંબંધ છોડ્યા પછી અને આત્મતત્ત્વનો બુદ્ધિદ્વારા નિશ્ચય કર્યા પછી, મુમુક્ષુને સમ્યગ્ચારિત્ર (right conduct) ને રૂંધનારા કર્મો–અંતરાયોને શાંત કરવાના અને નિર્મૂલ કરવાના રહે છે. આ ચાર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભૂમિકાઓને મોહશમક, શાંતમોહક, ક્ષપક અને ક્ષીણમોહ કહેવામાં આવે છે. અને ત્યારપછીની બે ભૂમિકાઓ સયોગી અને અયોગી કેટલીની છે. ટૂંકામાં ભવ્ય પ્રાણી પરમ ઉત્કૃષ્ટ આત્મસ્થિતિને પ્રાપ્ત કરવાના સતત પ્રયાસમાં ઉત્તરોત્તર આત્મગુણોનો વિકાસ કરતી ઉપર બતાવેલ અગિયાર ભૂમિકાઓમાંથી પસાર થાય છે. વસ્તુત: આત્મોન્નતિનો પ્રયાસ અખંડ છે, દાદરાના પગથિયાં જેવા જુદા જુદા ભાગ પડેલા નથી, પણ મુમુક્ષુનું ધ્યાન ખેંચવાને શાસ્ત્રકારોએ જુદા જુદા ભાગ પાડેલ છે. શ્રી યશોવિજયજી મહારાજ કહે છે કે: વસ્તુત. નિશ્ચયનયની અપેક્ષાએ અધ્યાત્મગુણશ્રેણિ–spiritual progressની શરૂઆત પાંચમા ગુણસ્થાન એટલે દેશવિરતિ ભાવથી થાય છે, કારણ ત્યાંથી જ્ઞાન અને ક્રિયાની એકાત્મતા શરૂ થાય છે, પણ વ્યવહારમાં ચોથા ગુણસ્થાનથી શરૂઆત ઉપચારથી માની શકાય છે, અને તેથી યોગ્ય જીવને ચોથા ગુણસ્થાનમાં વર્તતો હોય તોપણ અધ્યાત્મ માર્ગમાં પ્રવેશ કરવાની દીક્ષા આપવામાં વાંધો નથી.

આત્મિક ગુણક્રમારોહનું વર્ણન વિસ્તારથી કર્મગ્રંથ આદિ શાસ્ત્રોમાં કરવામાં આવેલ છે. જૈન કે જૈનેતર કર્મપ્રકૃતિ આદિ પારિભાષિક શબ્દોથી અજ્ઞાત હોય તેને ટૂંકાણમાં ફક્ત દિગ્દર્શન કરાવવાનો આ લેખમાં પ્રયાસ કરવામાં આવ્યો છે.

---

(અનુસંધાન પાના ૩૪નું ચાલુ)

સમાજની ધારણા કે ઐકય ભંગનો વિચાર કર્યા વિના સ્થાપન કર્યે જાય તે દોષાર્હ તો ગણાય જ. તેથી કટુતા વધી અનિચ્છનીય વાતાવરણ નિર્માણ થાય એની જવાબદારી શી રીતે ટાળી શકાય? અમે તેમ કરી પોતાનું જ હુંપણું પોષાય એ હિંસા નહીં તો બીજું શું? માટે જ હુંપણાનો ત્યાગ કરી અને મારું કાંઇ જ નથી એવી વૃત્તિ ધારણ કરવી જોઇએ. હિંસા ટાળવાનો એ એકમેક માર્ગ મનાય. જ્યાં સુધી અહં અને મમ કે હું અને મારુ એ પરિગ્રહ આપણે છોડી નહીં શકીએ ત્યાં સુધી બાહ્ય પરિગ્રહનો ત્યાગ એ વ્યર્થ જ નિવડવાનો, પ્રભુ પાસે હું અને મારું એ વસ્તુને સ્થાન જ ન હતું અને તેથી જ તેઓ મુક્તિ મેળવી શક્યા. એ હુંપણાની ભાવના આપણામાંથી નષ્ટ થઇ શુદ્ધ સાત્વિક એવી નિરહંકાર ચર્યા આપણી થાય એ જ અભ્યર્થના!

*

## સંસ્કૃતિરક્ષા

હિંદી સંસ્કૃતિ, સંપૂર્ણ રીતે હિંદુ, ઇસ્લામી અથવા બીજી કોઇ નથી. એ બધાયનું એમાં સંમિશ્રણ છે, અને તત્ત્વમાં એ પૂરેપૂરી પૌરસ્ત્ય છે....અને જેઓ પોતાને હિંદી કહેવડાવે છે, તે દરેક સ્ત્રીપુરુષની એ સંસ્કૃતિને મોંઘી ચીજની જેમ જાળવવાની, એના ટ્રસ્ટી બની રહેવાની અને એની ઉપરના દરેક આક્રમણનો પ્રતિકાર કરવાની ફરજ છે.... મારા ઘરની આસપાસ તમામ દેશોની સંસ્કૃતિઓનો પવન, બની શકે તેટલી સ્વતંત્રતાથી ભલે ફૂંકાય એમ જ હું તો ઇચ્છું છું. પણ એમાંથી કોઇથી પણ હું મારા સ્થાન ઉપરથી ઊખડી પડવાનો તો ઇનકાર જ કરું છું. બીજા લોકોનાં ઘરોમાં પંચાતિયા તરીકે કે ભિખારી અથવા ગુલામ તરીકે જીવવાનો હું ઇનકાર કરું છું.

—ગાંધીજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હિંસાનું મૂળ 'હું અને મારૂં'

લેખક-'સાહિત્યચંદ્ર' સ્વ બાલચંદ હીરાચંદ-માલેગામ.

**જૈનધર્મ** એ વીરોનો ધર્મ છે. અને વીરનો ધર્મ અહિંસાપ્રધાન જ હોઇ શકે કારણ વીરપુરૂષ બીજાને મારવામાં કે તેનું નુકસાન કરવામાં રાજી થતો નથી, પણ વિના સંકોચે અન્યને સુધારવા માટે કે તેને બચાવવા માટે પોતાનું બલિદાન આપે છે. એ વીર પુરૂષોનો ત્યાગપ્રધાન ધર્મ જે જે પુરૂષ શ્રેષ્ઠોએ આચરી બતાવી જગતના સુખ-સમાધાનમાં વૃદ્ધિ કરી તેઓ પ્રાતઃસ્મરણીય સંત-પુરૂષો ગણાએલા છે. તેમનું નામસ્મરણ કરતાની સાથે જગતને નવો પ્રકાશ જણાય છે. નવો માર્ગ સૂઝી આવે છે. અને પોતાનું જીવન સુધારવાની તક હાથ આવી જાય છે. એ સંતપુરૂષોએ અહં શબ્દ જ વીસારી મૂક્યો હોય છે. જ્યારે અહં એટલે હું એ શબ્દજ ભૂંસાઇ ગયો હોય ત્યારે પરિણામસ્વરૂપ મારૂં કે મમ શબ્દ ક્યાંથી ઉત્પન્ન થાય? જેણે હું શબ્દજ નષ્ટ કર્યો હોય તે મારૂં શા માટે કહે? જેનો સ્વ શબ્દ જ ભૂલાઇ ગયો છે તેનો સ્વાર્થ ક્યાંથી ઉત્પન્ન થાય? એના માટેજ તો એવા સંતપુરૂષોનો પરમાર્થ એજ મુખ્યત્વે કરી સ્વાર્થ હોય છે. બીજાનું જ કલ્યાણ જેની નસેનસમાં વ્યાપી ગએલું હોય, ધારો કે જેનો સ્વાર્થજ પરાર્થ કે પરમાર્થરૂપ થઇ ગએલો હોય, તેને દુઃખ આપવાને કોણ સમર્થ હોય છે? એટલા માટેજ એવા સંત મહાત્માઓના નામસ્મરણ માત્ર કરવાથી ઘણાઓ પોતાનું જન્મસાર્થક્ય કરી લ્યે છે.

હિંસા એટલે મનથી, વચનથી કે શરીરથી કોઇ જીવનું અશુભ ચિંતવવું. બીજા માટે અશુભ ચિંતવવાની, બોલવાની કે કાર્ય કરવાની બુદ્ધિ જાગે છે ત્યારે એમાં મુખ્યત્વે કરી હુંપણાની ભાવના કાર્ય કરે છે, એ સ્પષ્ટ છે. અન્ય જીવનો પોતાના સ્વાર્થ કે અહંભાવ પોષવા માટે પણ ઘાત કરવો કે તેને દુઃખ પહોંચાડવું એ હિંસા ગણાય છે એ દેખીતી વસ્તુ છે. પણ આપણે તો ઘણી વખત પોતાનો સ્વાર્થ સધાતો નહીં હોવા છતાં પણ બીજાની માન-હાનિ કરી તેને દુઃખ પહોંચાડીએ છીએ. એવા પ્રસંગે આપણા હાથે હિંસા થઇ જાય છે, એના માટે આપણે વિચાર સરખો પણ કરતા નથી. જ્યાં રેશન કે બસમાં બેસવાની લાઇનો લાગી જાય છે ત્યાં અનેક વખત બીજાનો અનુક્રમ જબરીથી ફેરવી આપણો નંબર આગળ કરીએ છીએ ત્યારે આપણે હિંસા કરીએ છીએ એવું આપણે ધારતા પણ નથી. રેલ્વેમાં જગ્યા મેળવવા માટે આપણાથી ઓછા બલવાળો જોઈ તેને હડ-સેલીને પણ પોતે સારી જગ્યા મેળવી અન્યના હક ઉપર આક્રમણ કરીએ છીએ એમાં હિંસા હોય એવો વિચાર સરખો પણ આપણે કરતા નથી. એવે વખતે આપણા હાથે જે હિંસા થઇ જાય છે તેનો વિચાર પણ આપણે કર્યા કરીએ છીએ? હું અને મારૂં એજ આપણો હિંસા કરાવનારો સાચો શત્રુ હોય છે, એ આપણે ભૂલવું જોઇએ નહીં. આપણો અહંભાવ નષ્ટ થયા વગર એવી હિંસા આપણે ટાળી શકીએ એમ નથી. વ્યાપારમાં ગ્રાહકના અજાણપણાનો લાભ વ્યાપારી ઉઠાવે અગર વ્યાપારીની સરતચૂકનો ગ્રાહક હેતુપૂર્વક લાભ ઉઠાવે ત્યારે થતી હિંસા એ હું અને મારૂં એને લીધે જ થાય છે એ ભૂલવા જેવું નથી. રાજકારણી મુત્સદ્દીઓ પોતાની ચતુરાઇ કે બુદ્ધિનો ઉપયોગ હમેશાં એવી હિંસા કરવા માટેજ કરે છે અને એમ કરી પોતાની પ્રખર બુદ્ધિ માટે ગર્વ ધારણ કરે છે. એવા બુદ્ધિ પૂર્વકના પોતાના અહંભાવને પોષવાનાં કુકર્મોનું ફળ તેઓને ભોગવવું પડે એ અનિવાર્ય વસ્તુ છે. એના માટે બે મતો હોઇજ ન



For Private And Personal Use Only

શકે. જગતમાં જે સંઘર્ષો, લડાઇઓ, તાણાતાણી અને યુદ્ધો થાય છે એમાં મુખ્યત્વે કરી હું અને મારું એ જ સિદ્ધાંત જોવામાં આવે છે. એમ તો દરેક મનુષ્ય તો શું પણ પશુપક્ષીઓ પણ પોતાનું સુખ આગળ કરી બીજાની સાથે સંઘર્ષણમાં ઉતરે જ છે. પણ અહંભાવ અને સ્વાર્થની માત્રા જ્યારે વધી જાય છે ત્યારે જ હિંસાનો પ્રારંભ થાય છે. બીજાના સુખ-સમાધાનના આડે જ્યાં સુધી કોઇ આવે નહિ ત્યાં સુધી તેના હાથે જો કે હિંસા થઇ જાય છે, તેનું બંધન અત્યંત શિથિલ હોય છે અને પશ્ચાત્તાપની માત્રાથી તે નષ્ટ પણ કરી સકાય છે; પણ એ હુંપણું પોતાની હદ ઉલ્લંઘન કરે છે ત્યારે થતી હિંસાની તો મહાગાંઠ જ બંધાય છે. અને એ છોડવી કઠણ થઇ પડે છે. એટલે જ કહેવું પડે છે કે, **હું અને મારું એ હિંસાનું મૂળ છે.**

કોઇ મનુષ્ય ધર્મની અમુક ક્રિયા કરે, ધર્મના નામે અમુક દ્રવ્યનો વ્યય કરે અને પોતાને મોટો થયો માની બીજાઓ તરફ તુચ્છતાની દૃષ્ટિથી જુએ અને પોતે કોઇ અતિ મોટો માણસ થઇ ગયો એમ માની જરા છાતી આગળ કરી ચાલે ત્યારે એ હું અને મારું આગળ કરી અન્યની માનહાનિ કરવામાં રાજી થઇ પોતે કોઇ અસાધારણ પુરુષ છે એમ લોકોમાં અનેક યુક્તિઓથી ઠસાવવાનો પ્રયત્ન કરે એ હિંસા નહીં તો બીજું શું છે? પ્રત્યક્ષ પ્રાણુ અન્ય જીવને હલકો લેખી પોતે કોઇ મહાન વ્યક્તિ છે એમ અહંભાવ કેળવવામાં પણ હિંસા થાય છે. એ ઉપરથી સિદ્ધ થાય છે કે, અહંભાવ અને સ્વાર્થ એ જ જગતમાં હિંસાનું મૂળ છે. રાષ્ટ્રો પણ પોતાનું સર્વોપરીપણું સ્થાપન કરવા માટે કે બીજાનો ઉત્કર્ષ તોડી પાડવા માટે જ પ્રયત્ન કરી પરસ્પરનું નુકસાન કરવામાં ભૂષણ ગણે છે. અને અંતે યુદ્ધખોર બને છે. અમુક વ્યક્તિઓ પોતાનું ગૌરવ ટકાવવામાં બીજાનું ગમે તેટલું નુકશાન કરી હિંસા કરવા પ્રેરાય છે. એમાં હું અને મારું એ જ મુખ્ય સૂત્ર પરોવાએલું છે. પ્રાણીનો વધ કરી એનું રક્ત રેડાવવામાં જ હિંસા છે એવો એકાંત અર્થ કરી પોતાને અહિંસક ગણાવનારો એક પંથ છે. એના અનુયાયીઓ પ્રાણીને ગુંગળાવી મારી નાખવામાં હિંસા માનતા નથી. તેઓ એવી દલીલ કરે છે કે—અમે ક્યાં એનું રક્ત કાઢ્યું છે? એવા એવા અહિંસાવાદીઓ માટે આપણે શું કહીશું? એ લોકો તો મહાન હિંસક અને અસત્યને પોષનારા જ ગણાય પોતાના હલકટ સ્વાર્થ માટે શાસ્ત્રોને પણ હિંસક બનાવી દેવામાં પોતે કુશલતા વાપરી મનમાં મનમાં મલકાય એના જેવું નીચ કાર્ય બીજું શું હોઇ શકે?

ઉપરના દૃષ્ટાંતને અનુસરી આપણે જો એમ જ સમજતા હોઇએ કે, આપણે ક્યાં કોઇનો જીવ લઇએ છીએ? અને જીવ નહીં લઇએ ત્યાં સુધી હિંસા થાય જ કેમ? પ્રત્યક્ષ જીવ લઇએ તો જ હિંસા થાય, એમ જો કોઇ માનતું હોય તો તેઓ ભીંત ભૂલે છે. કોઇના મનને જરાપણ કલેશ ઉત્પન્ન થાય એવું કૃત્ય આપણા હાથે થઈ જાય તો તે પણ હિંસા જ ગણાવાની—કોઇ અન્યાયનો પ્રતિકાર કરવો હોય અને સામનો હૃદયપલટો કરવો હોય અને એને ધર્મમાર્ગે દોરવો હોય એવા પ્રસંગે બળ વાપરવાનો પ્રસંગ આવે ત્યારે એ જુદી વાત ગણાય. બાલક ભણવા ના પાડે અગર ખોટા માર્ગે જવાનો હોય ત્યારે એના માટે આપણે જરા કટુતા વાપરવી પડે તેની પાછળ અત્યંત દયા, વાત્સલ્ય-ભાવ અને સત્યનો પવિત્ર હેતુ હોય એ ખાસ ધ્યાનમાં લેવું જોઇએ. મતલબ કે કાર્યની પાછળ ઉદ્દેશની મૌલિકતા હોવી જોઈએ.

'હું' અને મારું'ની ધૂનમાં કોઇ અભિનિવેશ ધારણ કરી પોતાનું જ ગમે તે સાચા કે ખોટા માર્ગે, શુચિ કે અશુચિ સાધનોદ્વારા પ્રસંગ કે

(અનુસંધાન પાના ૭૨ ઉપર જુઓ)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સમાચાર

## શ્રી મૂળચંદજી મહારાજની પુણ્ય તિથિ

તપગચ્છાધિપતિ સ્વ. પૂ. મૂળચંદજી મહારાજ મણિવર્યની સ્વર્ગવાસ તિથિ અંગે આપણી સભા તરફથી માગશર વદિ ૬ મંગળવાર તા. ૭-૧૨-૭૧ના રોજ અત્રેના શ્રી દાદાસાહેબ જિન મંદિરમાં સવારે ૧૦ કલાકે શ્રી આત્મવલ્લભ કૃત પંચ પરમેષ્ટીની પૂજા ભણાવી દેવગુરુ ભક્તિ કરી પુણ્યતિથિ ઉજવવામાં આવેલ હતી આ પ્રસંગે સભાસદ બંધુઓ તથા અન્ય ગૃહસ્થોએ સારો લાભ લીધો હતો.

## શ્રી મહુવા જૈન યુવક મંડળ, મહુવા. મહુવા-એક સંદર્ભ ગ્રંથની યોજના

આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજશ્રીની જન્મશતાબ્દિ વિક્રમ સંવત ૨૦૨૯માં આવે છે. શાસનસમ્રાટ મહુવાના હતા. અને એમની જન્મશતાબ્દિ પ્રસંગને અનુરૂપ, એ નિમિત્તે મહુવા વિષે એક સંદર્ભ ગ્રંથ તૈયાર કરવાની રૂપરેખા અત્રે આપી છે. લોથલ સંસ્કૃતિ એટલે કે ઇતિહાસના ઉગમકાળથી આજસુધીના મહુવા અંગેનું જે કાંઇ સાહિત્ય ઉપલબ્ધ હોય તેનો આ આધાર ગ્રંથમાં સમાવેશ કરવાની ભાવના છે. આ અંગે આપશ્રી પાસે જે કંઇ માહિતી હોય તે "મંત્રી, શ્રી સંપાદક મંડળ, શ્રી જૈન યુવક મંડળ મહુવા"ના સરનામે મોકલી ઉપકૃત કરશોજી. સદરહુ ગ્રંથનું આયોજન નીચે પ્રમાણે છે:—

**(૧) ઐતિહાસિક મહુવા :** લોથલ સંસ્કૃતિથી આજસુધીનો છુટોછવાયો ઇતિહાસ આ વિભાગમાં આવરી લેવાની ભાવના છે. વ્યવસ્થિત રજૂઆતથી આ ગ્રંથ ભવિષ્યમાં માર્ગદર્શન રૂપ બને એવી રીતે એનું આયોજન વિચાર્યું છે.

**(૨) મહુવાના નરરત્નો :** વિક્રમ સંવતની શરુઆતથી આજ સુધીમાં મહુવાના નામને ગૌરવાન્વિત કરે એવા મહાપુરુષો મહુવામાં થયા છે. જેમકે, શત્રુંજયોદ્ધારક જાવડશા, મહારાજા કુમારપાળના સમકાલિન શ્રેષ્ઠિ જગડુશા, મસ્તકવિ ત્રિભુવન પ્રેમશંકર, તથા હરગોવિંદ પ્રેમશંકર, સને ૧૮૯૩ની ચિકાગો વિશ્વધર્મ પરિષદમાં જૈન ધર્મ અને ભારતીય સંસ્કૃતિનું પ્રાતનિધિત્વ કરનાર અને સ્વામી વિવેકાનંદના સમકાલિન શ્રી વીરચંદ રાઘવજી ગાંધી, ગુજરાતના રાજા રામ મોહનરાય તરીકે વિખ્યાત થયેલા મહાન સમાજ સુધારક કરશનદાસ મુળજી, સુપ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરિ, શાસનસમ્રાટ આ. શ્રી વિજયનેમિસૂરિ અને આ. શ્રી વિજયદર્શનસૂરિ, મહાન જાદુગર પ્રા. નથુ મંછાચંદ વગેરે મહાનુભાવોનો પરિચય આ વિભાગમાં આપવો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**(૩) ઉપરોક્ત મહાપુરૂષોનું સાહિત્ય :** ઉપરોક્ત મહાપુરૂષોએ લખેલું પ્રગટ-અપ્રગટ સાહિત્ય આ વિભાગમાં શક્ય હોય તેટલું પસંદ કરીને આપવું. દા. ત. ગુજરાતી સાહિત્યમાં પ્રવાસ વિષેનું પ્રથમ પુસ્તક શ્રી કરસનદાસ મુળજીએ લખ્યું હતું. મસ્તકવિએ લખેલ "કપાસી વિરહ" જગતના ઉત્તમ ઊર્મિ (Lyric) કાવ્યોમાંનું એક છે. આવી સરસ કૃતિઓ પસંદ કરીને આ વિભાગમાં સમાવવી.

**(૪) મહુવાની લોકકથા અને સાગરકાંઠાનાં લોક ગીતો :** આ વિભાગમાં "વાછડાવીર" જેવી શૌર્ય અને અમર દંતકથા અને સાગરકાંઠાનાં ગીતો આપવાં.

**(૫) સામાજીક સંશોધન અંગે સ્વતંત્ર લેખ :** "Earning one's livelihood in Mahuva" નામે પુસ્તક પ્રગટ થયું છે, જેમાં મહુવા વિષે થયેલ સામાજિક સંશોધનની વિગતો છે. ઈ. સ. ૧૯૭૧ની વસ્તી ગણતરીપર આધાર રાખીને સદરહુ સામાજિક સંશોધનનું નવું તારણ કાઢીને એક સ્વતંત્ર લેખ ગુજરાતીમાં આ વિભાગમાં આપવાની ભાવના છે.

આ યોજના પાર પાડવા માટે નીચે મુજબ સંપાદક મંડળની રચના કરવામાં આવી છે.

(૧) ડૉ. હરિવલ્લભ ભાયાણી. સલાહકાર તરીકે રહેશે.
(૨) ડૉ. હરિલાલ ગોદાણી. ઐતિહાસિક વિભાગ સંભાળશે.
(૩) શ્રી ડોલરભાઈ વસાવડા.
(૪) શ્રી અનંતરાય સી. ગાંધી.
(૫) શ્રી નરોત્તમદાસ એન. મહેતા.
(૬) શ્રી પન્નાલાલ આર. શાહ. સંપાદક મંડળના મંત્રી તરીકે રહેશે.

# ગ્રંથાવલોકન

**સમયદર્શી આચાર્ય:**—લેખક:-શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ.
પ્રકાશક—આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મશતાબ્દી સમિતિ,
C/o શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઑગસ્ટ ક્રાંતિમાર્ગ મુંબઈ-૨૬
કિંમતઃ દોઢ રૂપિયો (સમિતિના સભ્યોને ભેટ)

પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના જન્મશતાબ્દી મહોત્સવની ઉજવણી પ્રસંગે આ પુસ્તક બહાર પાડવામાં આવ્યું છે.

પૂ. આચાર્ય મહારાજશ્રીના જીવનના ત્રણ મુખ્ય આદર્શો; પહેલું આત્મ સંન્યાસ, બીજું જ્ઞાનપ્રચાર અને ત્રીજું શ્રાવક-શ્રાવિકાઓનો ઉત્કર્ષ એ ત્રણે આદર્શોને કેન્દ્રમાં રાખીને પૂ. આચાર્ય મહારાજે કરેલી અનેકવિધ આત્મોપકારક અને લોકોપકારક પ્રવૃત્તિઓનું સંક્ષિપ્ત છતાં સારગ્રાહી વર્ણન, જાણીતા લેખક અને વિચારક ભાઈશ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ, આ પુસ્તકમાં, સરળ ભાષા અને રોચક શૈલિમાં કર્યું છે. પૂ. આચાર્ય મહારાજશ્રીનું આ પ્રેરણાદાયી જીવન ચરિત્ર સહુ કોઈએ અવશ્ય વાંચવું જોઈએ.

(અનુસંધાન ટાઈટલ પેઈજ ૩ ઉપર જુઓ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(અનુસંધાન પાના ૩૬ નું ચાલુ)

દિવ્ય જીવન (હિન્દી)  ધ લાઇફ ઓફ એ સેઈન્ટ (અંગ્રેજી)
બન્નેના લેખક–શ્રી જવાહરચંદ્ર પટણી (એમ. એ.)

પ્રકાશક–ઉપર મુજબ. કિંમત દરેકનો દોઢ રૂપિયો.

આ બન્ને પુસ્તકોમાં હિન્દી તથા અંગ્રેજી ભષામાં પૂ આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભ-સૂરીશ્વરજીનો જીવન પરિચય ફાલનાની શ્રી પાર્શ્વનાથ જૈન ઉમેદ કોલેજના વાઈસ પ્રીન્સીપાલ શ્રી જવાહરચંદ્ર પટણીએ સુંદર ભાષામાં આપ્યો છે.

આ રીતે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી, ત્રણે ભાષાના પુસ્તકોમાં પૂ. આચાર્ય મહારાજશ્રીનું જીવન ચરિત્ર પ્રકાશિત કરીને જન્મ શતાબ્દી સમિતિએ સુંદર અને અભિનંદનીય કાર્ય કર્યું છે.

ધ્યાન શતક :—વિવેચનકારઃ–પૂ. પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિવર.
પ્રકાશકઃ–દિવ્યદર્શન કાર્યાલય, કાળુશીની પોળ, કાળુપુર, અમદાવાદ–૧

કિંમત રૂપિયા ત્રણ.

બાળ ભોગ્ય શૈલિથી લખાયેલ આ ધ્યાન–શતક વિવેચન શુભ અશુભ ધ્યાન ઉપર સારો પ્રકાશ પાડે છે. ધ્યાન એટલે કોઈ વિષય ઉપર એકાગ્ર મન. મનના સારા વલણ–વિકલ્પ ધ્યાનમાં જ રાખે તો કર્મયોગે મળેલા નરકાગાર જેવા સંયોગોમાં પણ સ્વર્ગીય આનંદ મસ્તી અનુભવી શકે નહિંતર સારા સંયોગો છતાં રોદણાં-શોક–સંતાપમાં સળગવાનું થાય. આ જાણકારી માટે 'ધ્યાન–શતક' શાસ્ત્ર એ એક અતિ ઉત્તમ સાધન છે.

જિજ્ઞાસુઓએ આ પુસ્તક અવશ્ય વાંચવા જેવું છે.

સ્વર સાધના (સ્તવન સંગ્રહ)—ગીતકારઃ–શ્રી જયંતકુમાર રાહી.
પ્રકાશકઃ–શ્રી સિદ્ધચક્ર જૈન નવયુવક મંડળ,
C/o વિમળ વોચ કુંપની, ટેમ્બીનાકા જૈન મંદિર પાસે,
થાણા (મહારાષ્ટ્ર)

કિંમત સદ્‌ઉપયોગ.

સ્વર–સાધનામાં સૌને-સુગમ અને શાસ્ત્રીય સંગીત ઉપર આધારિત સ્તવનોની રજુઆત થઇ છે. જાણીતા સંગીતકાર ભાઇશ્રી રાહીનું આ આઠમું પ્રકાશન છે. આત્માનો આનંદ પ્રાપ્ત કરવા માટે જ્ઞાન, ભક્તિ અને યોગ, આ ત્રણમાંથી કોઇપણ એકની સાધના આવશ્યક છે. ભક્તિ માર્ગથી આત્માનંદ મેળવી મોક્ષની સાધના સાધવી સરળ અને આનંદદાયી છે. આ રીતે ભક્તિ–સંગીતનું મહત્ત્વ ઘણુ ઉંચુ છે. ભાઇ રાહીએ ભક્તિ–સંગીત આપીને આજના યુવાન વર્ગને પ્રભુ ભક્તિમાં રસ લેતા કરીને એક પ્રેરણારૂપ ઉદાહરણ પૂરૂ પાડ્યું છે.

ભાઈશ્રી રાહી આવા સુંદર અને ઉપયોગી પ્રકાશનો વધુ અને વધુ કરતા રહે એમ ઇચ્છીએ છીએ.

અનંતરાય જાદવજી.

For Private And Personal Use Only

# ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રંથો

## સંસ્કૃત ગ્રંથો

| | રૂ. પૈ |
|---|---|
| ૧ વસુદેવ હિણ્ડી-દ્વિતીય અંશ | ૧૦-૦૦ |
| ૨ બૃહત્કલ્પ સૂત્ર ભા. ૬ ઠ્ઠો | ૨૦-૦૦ |
| ૩ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિતમ્ ભા. ૨, પર્વ ૨, ૩, ૪ (મૂળ સંસ્કૃત) પુસ્તકાકારે | ૧૨-૦૦ |
| ૪ ,, ,, પ્રતાકારે | ૧૫-૦૦ |
| ૫ દ્વાદશારં નયચક્રમ્ | ૪૦-૦૦ |
| ૬ સમ્મતિતર્કમહાર્ણવાવતારિકા | ૧૫-૦૦ |
| ૭ તત્ત્વાર્થાધિગમસૂત્રમ | ૧૫-૦૦ |
| ૮ પ્રબન્ધપંચશતી | ૧૫-૦૦ |

## અંગ્રેજી ગ્રંથો

| | |
|---|---|
| 1 Anekantavada by H. Bhattacarya | 3-00 |
| 2 Shree Mahavir Jain Vidyalaya Suvarna Mahotsava Granth | 35-00 |

卐

## ગુજરાતી ગ્રંથો

| | રૂ. પૈ |
|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૧૫-૦૦ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૦-૦૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા ૨ | ૪-૦૦ |
| ૪ શ્રી આદિનાથ ચરિત્ર | ૧૫-૦૦ |
| ૫ આદર્શ જૈન સ્ત્રીરત્ન ભા. ૨ | ૨-૦૦ |
| ૬ કથારત્ન કોષ ભા ૧ | ૧૨-૦૦ |
| ૭ કથારત્ન કોષ ભા. ૨ | ૧૦-૦૦ |
| ૮ આત્મ વલ્લભ પૂજા સંગ્રહ | ૩-૦૦ |
| ૯ આત્મ કાન્તિ પ્રકાશ | ૧-૫૦ |
| ૧૦ જ્ઞાન પ્રદીપ ભા. (૧ થી ૩ સાથે) પૂ. આ. વિજયકસ્તૂરસૂરિજી | ૧૦-૦૦ |
| ૧૧ સ્યાદ્વાદ મંજરી | ૧૫-૦૦ |
| ૧૨ અનેકાન્તવાદ | ૨-૦૦ |
| ૧૩ નમસ્કાર મહામંત્ર | ૨-૦૦ |
| ૧૪ ચાર સાધન | ૨-૦૦ |
| ૧૫ ભગવાન મહાવીર યુગના ઉપાસકો. | ૨-૦૦ |
| ૧૬ જાણ્યું અને જોયું | ૨-૦૦ |

卐

**નોંધ :**— સંસ્કૃતમાં ૧૦ ટકા અને ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં ૧૫ ટકા કમિશન કપી આપવામાં આવશે. પોષ્ટ ખર્ચ અલગ. આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

: લખો :

## શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ-શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રીમંડળ વતી
પ્રકાશક અને માલિક : શ્રી જૈન આત્માનંદ સભા
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર.